# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ,આકાશવાણી, ભુજ

**DATE : 27-03-2025 DAY: THURSDAY EVENING : 6.25 TO 6.30 PM**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

## આરોગ્યમંત્રી

રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આરોગ્ય કર્મચારીઓને હડતાળ સમેટી લેવા અપીલ કરી છે.શ્રી પટેલે કહ્યું, ટેક્નિકલ ગ્રેડ પે અંગે ચિંતન કર્યા વગર નિર્ણય ન લઈ શકાય. તેમણે કર્મચારીઓને હડતાળ સમાપ્ત કર્યા બાદ ચર્ચા કરવા જણાવ્યું છે.

---------------------------------------------------------------------------------------------

## ગાંધીધામ વિકાસ સતા મંડળ

મહાનગરપાલિકા બન્યા બાદ ગાંધીધામ વિકાસ સત્તા મંડળે પોતાનો વિસ્તાર વધારવા માટેની ગતિવિધિઓ શરુ કરી દીધી છે. વધી રહેલી માનવ વસ્તી અને ઔદ્યોગિક વિકાસને ધ્યાને લઈને સુયોજિત વિકાસ કરવાના ઉદ્દેશ્યથી ગાંધીધામ તાલુકાના એક અને અંજાર તાલુકાના ચાર ગામોને ગાંધીધામ વિકાસ સત્તા મંડળ એટલે કે જીડીએમાં સમાવેશ કરવા માટેની કવાયત હાથ ધરીને ગ્રામ પંચાયતોને ઠરાવ કરવા માટેનો પત્ર પાઠવવામાં આવ્યો છે. જો આ પાંચ ગામો પડાણા,મોડવદર, નગાવલાડીયા, બીટાવલાડીયા ઉત્તર, બીટા વલાડીયા પૂર્વનો સમાવેશ થાય તો ગાંધીધામ આદિપુર જોડિયા શહેરો ઉપરાંત સત્તા મંડળ હેઠળ ગામોની સંખ્યા 11 પર પહોંચશે.અત્રે ઉલ્લેખનીય છે કે, સંકુલના ગાંધીધામ આદિપુર જોડિયા શહેરો ઉપરાંત શિણાય, અંતરજાળ, મેઘપર બોરીચી મેઘપર કુંભારડી ગળપાદર અને કિડાણા એમ ૬ ગામો હાલ ગાંધીધામ વિકાસ સત્તા મંડળમાં સમાવિષ્ટ છે.

---------------------------------------------------------------------------------------------

## અગ્નિવીર ભરતી

ભારતીય સેનામાં અગ્નિવીર તરીકે જોડાવવા ઈચ્છુક ઉમેદવારો માટે જામનગર આર્મી ભરતી કાર્યાલય દ્વારા અગ્નિવીર ભરતી માટે જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી છે. જેમાં અગ્નિવીર જનરલ ડ્યુટી, અગ્નિવીર ટેક્નિકલ, ક્લાર્ક/સ્ટોર કીપર, ટ્રેડસમેન કેટેગરીમાં અરજી કરવા માટે અપરણિત પુરૂષ ઉમેદવારોની જન્મ તારીખ ૦૧/૧૦/૨૦૦૪ થી ૦૧/૦૪/૨૦૦૮ હોવી જરૂરી છે. આ માટેની પરીક્ષા ફી રૂ.૨૫૦/- છે અને ઓનલાઈન અરજી કરવા માટેની છેલ્લી આગામી ૧૦મી એપ્રિલ છે તેમ એક યાદી માં જણાવ્યુ છે.

-----------------------------------------------------------------------------------

## લખપત - તાલુકા પંચાયત સામાન્ય સભા

લખપત તાલુકા પંચાયતની સામાન્ય સભામાં વર્ષ 2024-25નું સુધારેલું અને 2025-26નું બજેટ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું હતું. દયાપર તાલુકા પંચાયત કચેરીના સભાખંડમાં મળેલી સામાન્ય સભામાં આગામી વર્ષના બજેટમાં કુલ આવક 40 કરોડ 71 લાખ રૂપિયા અંદાજવામાં આવી છે. જ્યારે 35 કરોડ 27 લાખના ખર્ચનો અંદાજ કરવામાં આવ્યો છે. આ રીતે બજેટમાં 5 કરોડ 44 લાખની પુરાંત દર્શાવવામાં આવી છે.

-----------------------------------------------------------------------------------

## કચ્છ સંગ્રહાલય

ભુજમાં આવેલા કચ્છ સંગ્રહાલય ખાતે ફોટોગ્રાફર અને ગ્રાફિક ડિઝાઇનર સિદ્ધાર્થ કનેરિયા દ્વારા ક્યુરેટ અને ડિઝાઇન કરાયેલ લાઇટ-થ્રેડ પ્રકાશ-સૂત્ર, ફોટોગ્રાફી અને વસ્ત્ર હસ્તકલા વારસા આધારિત પ્રદર્શન 31મી માર્ચ સુધી રાખવામાં આવ્યું છે.આ લાઈટ-થ્રેડ પ્રદર્શન દ્વારા કચ્છ સંગ્રહાલય કચ્છની ભાતીગળ સંસ્કૃતિની અને કચ્છી માડુની કથા અનોખા અંદાજમાં રજૂ કરે છે તેમ સંગ્રહાલયના ક્યુરેટર બુલબુલ હિંગલાજીયાએ આકાશવાણીને જણાવ્યું હતું.

## (બાઈટ : બુલબુલ હિંગલાજીયા)

-----------------------------------------------------------------------------------

## ગાગોદર પોલીસ સ્ટેશનનું વાર્ષિક નિરીક્ષણ

પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમારેએ રાપર તાલુકાના ગાગોદર પોલીસ સ્ટેશનનું વાર્ષિક નિરીક્ષણ કર્યું હતું. વાગડ વિસ્તારના હાઇવે પટ્ટી પર સ્થિત આ પોલીસ સ્ટેશનના નિરીક્ષણ દરમિયાન પોલીસ પરેડનું આયોજન કરવામાં આવ્યું હતું તેમજ પોલીસ દરબારમાં કર્મચારીઓના પ્રશ્નોની પણ સમીક્ષા કરવામાં આવી હતી. આ ઉપરાંત, પોલીસ વડાએ ક્રાઈમ રેકોર્ડની પણ તપાસ કરી હતી.

---------------------------------------------------------------------------------

## વિશ્વ રંગભૂમિ દિવસ

આજે 27 માર્ચે વિશ્વ રંગભૂમિ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.

વર્ષ 1960માં પ્રથમ વખત આંતરરાષ્ટ્રીય રંગભૂમિ સંસ્થાન દ્વારા આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.આ દિવસની ઉજવણીનો ઉદ્દેશ નાટ્ય પરંપરાને જાળવી રાખવાનો, તેને આગળ વધારવાનો, નાટ્યકર્મીઓને પ્રેરિત અને પ્રોત્સાહિત કરવાનો છે.

વિશ્વ રંગભૂમિ દિવસ નિમિત્તે આજે કચ્છમાં પણ વિવિધ સંસ્થાઓ દ્વારા કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

---------------------------------------------------------------------------------

## IPL

IPL 2025ની સાતમી મેચમાં આજે હૈદરાબાદના રાજીવ ગાંધી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમમાં સનરાઇઝર્સ હૈદરાબાદ અને લખનઉ સુપર જાયન્ટ્સ વચ્ચે મુકાબલો થશે. મેચ સાંજે સાડા સાત કલાકે શરૂ થશે.

ગઈ કાલે કોલકાતા નાઈટ રાઈડર્સે ગુવાહાટીમાં રાજસ્થાન રોયલ્સને 8 વિકેટે હરાવ્યું હતું.

---------------------------------------------------------------------------------

## હવામાન

કચ્છ સહીત રાજ્યના તાપમાનમાં બેથી ત્રણ ડીગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની શકયતા વ્યક્ત કરાઈ છે.હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવના જણાવ્યા અનુસાર ઉત્તર ભારતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે મહત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાશે. ત્યારબાદ ફરી એક વખત તાપમાનમાં ત્રણ ડિગ્રી સેલ્સિયસ સુધીનો વધારો થવાની શક્યતાઓ છે.

--------------------------------------------------------------------------------------